# રોજ તારી યાદમાં

કુમાર જૈમીની શાસ્ત્રી

**.1.**

આપના જે સ્મીતથી સપનાં ફળે,
એટલો અવસર મને શું ના મળે ?

દમ-બ-દમ સાંસા પડે સંગાથના,
કોણ મારી આમ ગાથા સાંભળે ?

એ જ કેડી પર દીવાના નીકળે,
જંગલોનાં હાડ જેમાં ખળભળે.

હું બધા સંબંધ છોડી નીકળ્યો,
આપની આંખે હજુ એ ઝળહળે.

ફુલ પણ જોયા કરે અંદાજને,
માર્ગના સૌ પથ્થરો કાં સળવળે ?

**.2.**

આંખના ને આભના બંને  અલગ વરસાદ છે,
એકમાં તારી હયાતી, એક તારી યાદ છે.

પાંજરું ખોલી અને આકાશ દર્શાવ્યા પછી,
પાંખ કાપી તેં કહ્યું, 'પંખી હવે આઝાદ છે.'

હોઠ નહીં તારી નજર બોલી રહી છે અલવીદા,
આપણો બસ, આટલો સંબંધ કે સંવાદ છે.

કાચ, સગપણ, બેઉનો આભાસ તુટી જાય છે,
શેષના પુર્ણાંકમાં બસ આપણો અવસાદ છે.

પાનખરને મ્હાત દેવા પુરતું છે આટલું,
ઝાડ ઉભું છે હજુ છો પાંદડું એકાદ છે.

**.3.**

દંપતીના સ્વાંગ ઘરઘરમાં રહે,
ક્યાં કદી એ સૌ પરસ્પરમાં રહે ?

આયનો નહીં એ છબી દર્શાવશે,
ઠેસનું સોપાન ઉંબરમાં રહે.

કેટલી ઓછી મજલ છે ચીસની,
ભીંતના પણ કાન દરદરમાં રહે.

જીંદગીભર સ્થીર ડોળાં જોઈ લો,
બે જ મ્હોરાં રોજ નવતરમાં રહે.

સૌ હથેલીમાં બતાવે તો પછી,
પુર્ણતા ક્યાં રોજ ચંદરમાં રહે ?

**.4.**

સુર્ય ઉગે છે ઢળે છે રોજ તારી યાદમાં,
જાગરણ ટોળે વળે છે રોજ તારી યાદમાં.

હાથમાં અંધાર લઈને સંચરું છું ચોતરફ,
કંઈક ભીતર ઝળહળે છે રોજ તારી યાદમાં.

શ્વાસ ને ઉચ્છ્ વાસનો જોયા કરું છું સીલસીલો,
ને પ્રહર આઠે ભળે છે રોજ તારી યાદમાં.

એક યુગથી દૃશ્યના ઉંઘી ગયેલા કાફલા
સ્વપ્નવેશે સળવળે છે રોજ તારી યાદમાં.

દુર દેશેથી સતત વણઝાર કેરી આવ-જા,
કોણ કોને સાંકળે છે રોજ તારી યાદમાં.

**.5.**

અશ્રુ એ પુરવાર કરતાં હોય છે,
આંખમાં સાચી સભરતા હોય છે.

કોઈના અનુરોધ પર નીર્ભર નથી,
પુષ્પ આપોઆપ ઝરતાં હોય છે.

છીછરું જળ હોય કે ઉંડો ધરો,
મત્સ્ય સાંગોપાંગ તરતાં હોય છે.

જે નથી ચાલી શક્યા મંઝીલ તરફ,
હસ્તરેખામાં વીચરતા હોય છે.

ઉર્ધ્વતા બસ હોય છે શીખરો સુધી,
સૌ પછી નીચે ઉતરતાં હોય છે.

**.6.**

એક મઘમઘતી સવારે યાદ આવો છો તમે,
પુષ્પના મોઘમ ઈશારે યાદ આવો છો તમે.

એ કહી શકતો નથી કે શ્વાસનો પર્યાય છો,
શ્વાસ કરતાં પણ વધારે યાદ આવો છો તમે.

જીંદગી નામે નદી બેફામ વહેતી જાય છે,
વૃક્ષ થૈ ઉભો કીનારે યાદ આવો છો તમે.

એક પલકારો કર્યો, ત્યાં કોઈ આવીને ગયું,
શક્યતાના બંધ દ્વારે યાદ આવો છો તમે.

કાફલાઓ યાદના દોડ્યા કરે છે રાતદીન,
ક્યાંય ના પહોંચાય ત્યારે યાદ આવો છો તમે.

## .7.

આમ ક્યાં કંઈ ખાસ છું ?
બસ ! ધબકતો શ્વાસ છું.

સંભવું છું હર પળે,
શક્યતાઓની આસ છું.

લો, નરી આંખે જુઓ,
તરબતર લીલાશ છું.

છું અનાદી વાંસવન,
વીસ્તરણ ચોપાસ છું.

એક દ્વીધા આસને,
'બુંદ છું કે શ્વાસ છું ?'

## .8.

જીંદગી કાયમ મને લાગ્યા કરે મેંદી સમી,
રંગ જ્યારે ઉઘડે, વરતાય છે એની કમી.

આર્દ્રતાના દેશ જેવી આંખ તારી ઝંખશે,
નહીં મળે ઝાકળ થવાનું કોઈ કારણ રેશમી.

લઈ સુવાસોની દીશા તારા સુધી આવી ગયો,
કેટલી નક્કર હતી તારા વીશેની બાતમી !

આ નગરમાં એક ટુકડો આભના સાંસાં પડે,
એટલે વીકસી રહ્યો છે માપસરનો આદમી.

એક સોનેરી સપન લઈ તું નીકટ આવી અને,
સાંજના પ્રાંગણ ઉપર મારી ઉદાસી આથમી.

**.9.**

પથ્થરોએ પણ તરલ રહેવું પડે,
વ્હેણ જ્યારે, જ્યાં મળે, વહેવું પડે.

ઉચ્ચતા પોતે અનન્ય હોય છે,
પ્હાડ અંગે ક્યાં કશું કહેવું પડે ?

તું નદીની જેમ વહેતી જાય છે,
પુલ સમ મારે ઉભા રહેવું પડે.

પાળીયાનો અશ્વ જ્યારે હણહણે,
છાપરું ધ્રુજે અને નેવું પડે.

આયનો જોયા કર્યેથી શું વળે ?
રુપ જેવું, બીંબ પણ એવું પડે.

**.10.**

એક જણ માણસ મટી ફોટો થયો,
આમ સાચો આમ એ ખોટો થયો.

સાવ કાચું દેહનું આ કોડીયું,
તેજનો બસ એક લીસોટો થયો.

શ્વાસ ને ઉચ્છ્ વાસના આ ખેલમાં,
કોઈ પાણી, કોઈ પરપોટો થયો.

છે ઉછીની આપણી આ જીંદગી,
કોણ જાણે ક્યાં નફો-તોટો થયો.

કોઈ પણ હસ્તી નથી માણસ વગર,
તોય પડછાયો ઘણો મોટો થયો.

**–કુમાર જૈમીની શાસ્ત્રી–**

કવીશ્રીના ગઝલસંગ્રહ **‘રોજ તારી યાદમાં’** (પ્રકાશક: પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ, પ્રથમ આવૃત્તી: 2009, મુલ્ય: રૂ.65)માંથી સાભાર..

(**કવી સમ્પર્ક** : 14, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા- 389 001 મોબાઈલ : **98250 29657**

**Email:** jns_14@yahoo.in

@@@

‘સન્ડે -મહેફીલ’ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષ: આઠમું - અંક : 247 – July 01, 2012

‘ઉંઝાજોડણી‘માં સાભાર અક્ષરાંકન: શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

**More than 1,45,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**

**More than 13,00,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**

**More than 2,90,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**

@@@@@@@@@